


સેમિનારનું દીપ પ્રાગટ્ય કરી ઉદ્દઘાટન કરાયું તે વેળાની તસવીર.

# વૈશ્વિકસ્તરે ઉદ્યોગોની જરૂરિયાતોને પહોંચી વળવા લઘુ ઉદ્યોગોની ભૂમિકા મહત્ત્વની

## ફોકિયા અને જિ. ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ગાંધીધામ ખાતે યોજાયો સેમિનાર

ગાંધીધામ, તા. ૧૦ : ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે લઘુ ઉદ્યોગો માટે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. લઘુ ઉદ્યોગ સ્થાપવા માટે તેમજ સ્થપાયેલા ઉદ્યોગોને વિકસાવવા માટે શું શું પગલા લેવા તે અંગેનું માર્ગદર્શન નિષ્ણાતો દ્વારા આપવામાં આવ્યું હતું.

નાના ઉદ્યોગોને વૈશ્વિક બનાવવાનો સમય આવી ગયો છે. વિશ્વસ્તરીય ઉદ્યોગોના ધોરણોને પહોંચી વળવા અને ઝડપથી બદલાતી જતી ઉદ્યોગોની જરૂરિયાતને પૂરી કરવામાં લઘુ ઉદ્યોગો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે તેવી લાગણી સેમિનારમાં વ્યક્ત કરાઇ હતી. ગત વર્ષે ૬૬ લઘુ ઉદ્યોગોએ ૫૪૦ કરોડ ઊભા કર્યા હતા, આ વર્ષે અત્યાર સુધીમાં રોકાણકારોના રસથી પ્રેરિત ૩૯ એકમોએ આઇબીઓ મારફત ૫૧ કરોડ ઊભા કર્યા છે પરંતુ કચ્છના એક પણ લઘુ ઉદ્યોગો બજારમાં આઇપીઓ નથી લાવ્યા તે અંગે ખેદ વ્યક્ત કરાયો હતો ત્યારે કચ્છના નાના ઉદ્યોગોને આઇપીઓ અંગે સમજ આપવી જરૂરી હોવાનો સૂર પરિસંવાદમાં વ્યક્ત કરાયો હતો.

સમગ્ર રાષ્ટ્રમાં ઉત્પાદનના ૪૫ ટકા, નિકાસમાં ૪૨ ટકા અને જીડીપીનો ૩૭ ટકા હિસ્સો ધરાવે છે. માત્ર નાના એકમો જ મહત્તમ રોજગારી, મહત્તમ સાહસિકો અને મહત્તમ ઉત્પાદનો પ્રદાન કરી શકે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો. રાજ્યના સંયુક્ત ઉદ્યોગ કમિશનર (નાના મધ્યમ એકમો) આર. આઇ. ચાવડા, ફોકિયાના એમ.ડી. નિમિષ ફડકે ઉપસ્થિત રહ્યા હતા.

પરિસંવાદ દરમ્યાન વક્તા સુનીલ પારેખ, વિકાસ ચાવડાએ ૧ કરોડથી ૧૦૦ કરોડ સુધીની યાત્રા વૈશ્વિક અર્થતંત્રમાં લઘુ ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા મેઇક ઇન ઇન્ડિયામાં નાના એકમો માટે પડકાર અને તકો, નાના અને મોટા એકમો વચ્ચે વ્યાવસાયિક જોડાણ સહિતના વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. વેલ્સ્પન ગ્રુપના પ્રેસિડેન્ટ બ્રિગેડીયર અતુલ વાહી અને અદાણી પોર્ટના ચીફ ઓપરેટિંગ મેનેજર મુકેશ સકસેનાએ નાના અને મોટા ઉદ્યોગો વચ્ચે વ્યાયસાયીક જોડાણ કઇ રીતે થઈ શકે તે અંગે સમજ આપી હતી. જીપી બારહટે લઘુ ઉદ્યોગની સફળતા અંગેની ફિલ્મ દર્શાવી હતી. કચ્છ અને કચ્છ બહારના ૧૨૦થી વધુ લોકોએ પરિસંવાદમાં ભાગ લીધો હતો. વિવેક મિલાકે સ્વાગત પ્રવચન કર્યું હતું. આભારવિધિ ફોકિયાના જોઇન્ટ એમ.ડી. તલકશી નંદુ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર જયકુમાર શાહે કરી હતી. સંચાલન વિકાસ ચાવડા અને રિદ્ધિ ચૌહાણે કર્યું હતું. રાધિકા ઠક્કર, એમ.યુ. સુમરા, જયાબેન, જિગર મકવાણા, નિમેષ ધોળુ, ભરત બારોટ વ્યવસ્થામાં સહયોગી બન્યા હતા.